
# બારડોલીમાં ધો.10માં 90 વિદ્યાર્થીને A1 ગ્રેડ

**ધો.10માં સરસ્વતી** શિશુ મંદિર વિદ્યાલયમાં સૌથી વધુ 20 વિદ્યાર્થીએ A1 ગ્રેડ મેળવ્યો

**બારડોલી** કેન્દ્રમાં ગત વર્ષની સરખામણીએ પરિણામમાં 1.12 ટકાનો વધારો નોંધાયો



જેનિશા છનીયારા, મરિયમ ધૂમડિયા, ધ્રુવ પુરબિયા, મૈત્રી પટેલ, ધ્રુવ રાજપૂત, જીજ્ઞા સોમપુરીયા, રોહિત પટેલ, દૃષ્ટિ જોશી, હિમાની ચૌધરી, સિયાન્સી ચૌધરી, જાગૃતિ ગામીત, જાનવી પારેખ, દેવ રાઠોડ, કાવ્યા પટેલ, વૈશ્વી શાહ, દિયા કાયસ્થ, રુચિ બારસડિયા, જીયા બાફના, હેની દેવલાની, રોમીર પરમાર, ફેતશ્રી જાદવ, દૃષ્ટિ પટેલ, રુત્વા પટેલ, અર્ચિતા કલાલ, શ્રેયા ચાવડા

બારડોલીઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી ધો.10ની પરીક્ષાનું ગુરુવારના રોજ પરિણામ જાહેર થયું હતું. બારડોલી કેન્દ્રનું પરિણામ 83.17 ટકા આવ્યું હતું, જેમાં કુલ 90 વિદ્યાર્થીએ A1 ગ્રેડ મેળવ્યો હતો. બારડોલી કેન્દ્રમાં 1848 વિદ્યાર્થીઓ પ્રમાણપત્ર મેળવવામાં સફળ રહ્યા હતા. બારડોલી કેન્દ્રમાં ગત વર્ષની સરખામણીએ પરિણામમાં 1.12 ટકાનો વધારો નોંધાયો છે.

બારડોલીની સરદાર કન્યા વિદ્યાલય, સેન્સિરીતે સ્કૂલ, વશિષ્ઠ જીનેશિસ સ્કૂલ, સ્કૂલે 100 ટકા પરિણામ પ્રાપ્ત કર્યું હતું. સરસ્વતી શિશુ મંદિર વિદ્યાલયમાં સૌથી વધુ 20 વિદ્યાર્થીઓ A1 ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા હતા. શાળાનું પરિણામ 95.19 ટકા આવ્યું હતું. વશિષ્ઠ જીનેશિસ સ્કૂલનું પરિણામ 100 ટકા આવ્યું હતું અને કુલ 19 વિદ્યાર્થીએ A1 ગ્રેડ મેળવ્યો હતો. બી.એ.બી.એસ. હાઈસ્કૂલ ગુજરાતી માધ્યમનું પરિણામ 71.14 ટકા આવ્યું હતું, જેમાં 18 વિદ્યાર્થી A1 ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયા હતા. જ્યારે અંગ્રેજી માધ્યમનું પરિણામ 86.27 ટકા આવ્યું હતું. એમ.બી. વામદોત હાઈસ્કૂલનું પરિણામ 79.43 ટકા આવ્યું હતું, જેમાં 6 વિદ્યાર્થી A1 ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા હતા. સેન્સેરીતે ઇંગ્લિશ મીડિયમ સ્કૂલનું પરિણામ 100 ટકા આવ્યું હતું, જેમાં 8 વિદ્યાર્થી A1 ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયા હતા. કન્યા વિદ્યાલય અસ્તાનનું પરિણામ 8.78 ટકા આવ્યું હતું. શાળાની એક વિદ્યાર્થિનીએ A1 ગ્રેડ મેળવ્યો હતો. જે.એમ.પટેલ હાઈસ્કૂલમાં ચાર વિદ્યાર્થી A1 ગ્રેડ મેળવવામાં સફળ રહ્યા હતા. પારસી ટ્રસ્ટ સ્કૂલનું પણ 96 ટકા પરિણામ આવ્યું હતું. શાળાના 5 વિદ્યાર્થીએ A1 ગ્રેડમાં ઉત્તીર્ણ થયા હતા. મદ્રેસા હાઈસ્કૂલનું પરિણામ 86, ટકા આવ્યું હતું, જેમાં એક વિદ્યાર્થી A1 ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયો હતો. એમબીએમ કોન્વેન્ટ હાઈસ્કૂલનું પરિણામ 70.73 ટકા આવ્યું હતું. એસ.બી.આર. સાયન્સ સ્કૂલનું પરિણામ 100 ટકા આવ્યું હતું. શાળામાં એક વિદ્યાર્થીએ A1 ગ્રેડ મેળવ્યો હતો. એસ.બી. આર. સાયન્સ સ્કૂલનું પરિણામ 100 ટકા આવ્યું હતું. શાળામાં એક વિદ્યાર્થીએ A1 ગ્રેડ મેળવ્યો હતો. જય અંબે વિદ્યા ભવનનું પરિણામ 94.44 ટકા આવ્યું હતું. જેમાં ત્રણ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવ્યો હતો.

## સરભોણ કેન્દ્ર 93.61 ટકા સાથે જિલ્લામાં બીજા ક્રમે

સરભોણ કેન્દ્રનું પરિણામ 93.61 ટકા આવ્યું હતું. ગત વર્ષે 92.19 ટકાની સામે આ વખતે 1.43 ટકાનો વધારો જોવા મળ્યો છે. સરભોણ કેન્દ્રમાં 601 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા. સરભોણ હાઈસ્કૂલનું પરિણામ 86.21 ટકા આવ્યું હતું, જેમાં એક વિદ્યાર્થી શ્રેયા ધર્મેશકુમાર હાંસોટીએ A1 ગ્રેડ મેળવ્યો હતો. કડોદ કેન્દ્રનું પરિણામ 71.38 ટકા આવ્યું હતું. જે ગત વર્ષના 59.88 ટકા કરતાં 11.50 ટકા વધુ છે. કડોદ કેન્દ્રમાં 222 વિદ્યાર્થીઓ સફળ રહ્યા હતા. જ્યારે મઢી કેન્દ્રમાં 162 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થતાં કેન્દ્રનું પરિણામ 69.83 ટકા આવ્યું હતું. જે ગત વર્ષ કરતાં 9.74 ટકા વધુ છે.

## નબળી આર્થિક પરિસ્થિતિ વચ્ચે જાનવી પારેખે ટ્યુશન વગર A1 ગ્રેડ મેળવ્યો



બારડોલી: બારડોલીની એમ.બી.વામદોત સાર્વજનિક હાઈસ્કૂલની ધો.10નું પરિણામ 79.43 ટકા આવ્યું હતું, જેમાં 6 જેટલા વિદ્યાર્થી A1 ગ્રેડ સાથે સફળ રહ્યા હતા. સૌથી વધુ ગુણ મેળવનાર જાનવી પારેખે નબળી આર્થિક પરિસ્થિતિમાં ટ્યુશન વગર માત્ર જાત મહેનતથી 95.83 ટકા ગુણ મેળવ્યા હતા. જાનવીના પિતા કડોદરામાં એક ખાનગી મિલમાં સામાન્ય કર્મચારી તરીકે નોકરી કરે છે અને માતા ગૃહિણી છે. શાળામાં જે ભણાવે તેનો ઘરે જઈ વારંવાર અભ્યાસ અને લખીને તૈયારી કરવાની આદતને કારણે તેણીએ આ સફળતા હાંસલ કરી છે. હવે ગણિત વિષય સાથે ધો.11માં એડમિશન લેવાની સાથે એન્જિનિયરીંગ ક્ષેત્રમાં આગળ વધવાનું તેનું સ્વપ્ન છે. તે તેની સફળતાનો શ્રેય માતા-પિતા અને શાળાના શિક્ષકોને આપે છે. આ પ્રસંગે શાળાનાં આચાર્યા આશાબેન પટેલ જણાવ્યું હતું કે, ધો.10માં શાળાનું ઉત્કૃષ્ટ પરિણામ રહ્યું છે. 6 જેટલા વિદ્યાર્થીએ A1 ગ્રેડ મેળવ્યો છે.

## ધનગૌરી સાર્વજનિક વિદ્યાલયનું ધો.૧૦નું 90.64 ટકા પરિણામ



ભોરિયા: શ્રી વલવાડા વિભાગ સાર્વજનિક કેળવણીમંડળ, વલવાડા સંચાલિત, ધનગૌરી સાર્વજનિક વિદ્યાલયનું ધો.૧૦નું 90.64 ટકા પરિણામ આવ્યું હતું, જેમાં શાળામાં પ્રથમ ક્રમ ચૌધરી સૃષ્ટિકુમારી અર્જુનભાઈ 91.66 ટકા (A-1 ગ્રેડ), બીજો ક્રમ નાવડિયા ઈવા પંકજભાઈ 91.50 ટકા (A-1 ગ્રેડ) અને તૃતીય ક્રમે નાયકા નેહા કલ્પેશભાઈ 88.66 ટકા (A-2 ગ્રેડ) મેળવ્યો હતો. તમામ વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રમુખ સતીષભાઈ એન. પટેલ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી, ખજાનચી, મંડળના ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો, શાળાના આચાર્ય નીલેશકુમાર પ્રજાપતિ, શાળાના શિક્ષકોએ અભિનંદન પાઠવ્યાં હતાં.

## સંક્ષિપ્ત સમાચાર

### તડકેશ્વરની ફ્લાહી હાઈસ્કૂલની HSC બોર્ડમાં સિદ્ધિ



માંડવી: માંડવી-કીમ રોડ પર આવેલા તડકેશ્વર ગામની ફલાઈ હાઈસ્કૂલનું ધોરણ-10નું 97% પરિણામ આવ્યું હતું, જેમાં પ્રથમ ક્રમે પટેલ દિવ્યા ચેતનભાઈએ 96.50% તથા બીજા ક્રમે પટેલ આલિયા આશીફે 91.00% અને ત્રીજા ક્રમે-પટેલ કલ્પના જયેશભાઇએ 89.33% મેળવતા શાળાનું ગૌરવ વધાર્યું હતું. આ સિદ્ધિ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રમુખ જનાબ મહંમદ સલીમ નાખુદા, ટ્રસ્ટીઓ તથા આચાર્ય અને શિક્ષકોએ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

### માંડવીની ભાવદર્શન વિદ્યાલય HSC બોર્ડમાં ઝળકી



માંડવી: માંડવીના રાજપૂત બોરી ગામે આવેલ ભાવદર્શન વિદ્યાલયનું ધો.10માં તમામ 115 વિદ્યાર્થી પાસ થતાં 100% પરિણામ આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે કડોદવાલા પૂર્વા કૌશિકભાઈ 97.17% (PR-99.89), બીજા ક્રમે ગામીત ક્રિષા અનિલભાઈ 96.17% (PR-99.69) તથા પટેલ હર્ષ શૈલેષભાઇ 96.17% (PR-99.69) મેળવતાં બંને વિદ્યાર્થી સરખા માર્ક સાથે ટકા મેળવ્યા હતા. જ્યારે ત્રીજા ક્રમે ચૌધરી ક્રિષ મરુવતભાઈએ 95.83% (PR-99.60) ઉત્તીર્ણ થયા હતા. જે બદલ સંસ્થાના પ્રમુખ-આચાર્ય સતીષભાઇ પટેલ, તમામ ટ્રસ્ટીઓ અને શિક્ષકગણે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

### માંડવીના ઉશ્કેર-રામકુંડ સરસ્વતી વિદ્યાલયનું 100% પરિણામ આવ્યું



માંડવી: માંડવી-કીમ રોડ પર આવેલી સરસ્વતી વિદ્યાલય ઉશ્કેર-રામકુંડ શાળાનું 100% પરિણામ આવતાં શાળા પરિવારનું ગૌરવ વધાર્યું હતું, જેમાં પ્રથમ ક્રમે પટેલ પ્રાંજલ રાજેશભાઈ-91.16%, બીજા ક્રમે પટેલ ધૃતિ રાકેશભાઈએ 89.33 % મેળવ્યા હતા. જ્યારે તૃતીય ક્રમે વસાવા કશીશ હિતેશભાઈ 88% સાથે ઉત્તીર્ણ થતાં સંસ્થાના પ્રમુખ સંદીપભાઈ શર્મા અને મંત્રી સિદ્ધાર્થ શર્મા અને તમામ ટ્રસ્ટીઓ, આચાર્ય-શિક્ષકોએ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન સાથે શુભકામનાઓ પાઠવી હતી.

### વાંકલની શ્રી એન.ડી.દેસાઈ શાળાનું ગૌરવ



પીયૂષકુમાર ચૌધરી, ધ્રુવકુમાર ચૌધરી, પ્રિયંક ચૌધરી

વાંકલ: વાંકલની શ્રી એન.ડી.દેસાઈ સાર્વજનિક હાઈસ્કૂલના એસએસસીમાં કુલ 324 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા. 97% શાળાનું પરિણામ આવ્યું હતું, જેમાં પ્રથમ ક્રમે ચૌધરી પીયૂષ A1 ગ્રેડ સાથે 94%, બીજા ક્રમે ચૌધરી ધ્રુવ A1 ગ્રેડ સાથે 92.16%, ત્રીજા ક્રમે ચૌધરી પ્રિયંક A1 ગ્રેડ સાથે 90.66% મેળવી સફળ થયા હતા. વાંકલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલનું 100% પરિણામ આવ્યું હતું, જેમાં પ્રથમ ક્રમે ભટ્ટ મૈત્રી 88%, બીજા ક્રમે કડીવાલા સાહીલ 87%, ત્રીજા ક્રમે ચૌધરી ધ્યાનકુમારે 86.17% મેળવ્યા હતા. એમ.એમ.દેસાઈ સાર્વજનિક હાઈસ્કૂલનું પરિણામ 96.63% આવ્યું હતું, જેમાં પ્રથમ ક્રમે ચૌધરી મિત્તલ 86.5%, બીજા ક્રમે વસાવા દીપિકા 85.5%, ત્રીજા ક્રમે 85.3% પરિણામ આવતાં પ્રમુખ ટ્રસ્ટીમંડળ, શાળા પરિવારે ઉત્તીર્ણ થયેલા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

### મઢી હાઈસ્કૂલનું HSCનું 95.55 ટકા પરિણામ



અંકુર રાઠોર, હર્ષ પ્રજાપતિ, રીયા બક્ષી

બારડોલી: બારડોલી તાલુકાના મઢી ખાતે આવેલી મો.ક.પટેલ માધ્યમિક શાળામાં ધો.12 સામાન્ય પ્રવાહનું પરિણામ 95.55 ટકા આવ્યું હતું. શાળામાં 86 વિદ્યાર્થી પાસ થયા હતા. શાળામાં અંકુર રાઠોર, હર્ષ પ્રજાપતિ અને રીયા બક્ષીએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. સફળ થનાર તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યાં હતાં.

### કઠોરની વ.દે.ગલીયારા વિદ્યાલયનું ગૌરવ



વાંકલ: શ્રી કઠોર કેળવણી મંડળ સંચાલિત વ.દે.ગલીયારા વિદ્યાલય, કઠોરનું ધો.10નું 67.88% પરિણામ આવ્યું હતું, જેમાં પ્રથમ ક્રમે અકબરી જીનલ પીઆર 99.48%, બીજા ક્રમે લાડ દૃષ્ટિ 97.88%, ત્રીજા ક્રમે મુંગાલપરા જેની 97.40 %, એન.સી.પટેલ અને સી.વી.પટેલ બ્રિલિયન્ટ એકેડમી કઠોર એસએસસીનું 93.54% પરિણામ આવ્યું હતું, જેમાં પ્રથમ ઠાકુર શિવાની 98.10%, બીજા ક્રમે રાવલ પ્રિયા 91.81%, ત્રીજા ક્રમે જાટ યમુના 86.3% આવતાં શાળાના પ્રમુખ, ટ્રસ્ટીમંડળ તેમજ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યાં હતાં.

# તાપી જિલ્લામાં ધો.૧૦નું પરિણામ ૮૧.૮૧ ટકા, ૬૩૬૮ વિદ્યાર્થી પાસ થયા

**ગત** વર્ષ-૨૦૨૪માં ૮૧.૩૫ ટકા પરિણામ આવ્યું હતું, ૩૦ શાળાનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું

**તાપી જિલ્લાનું ગ્રેડ પ્રમાણે પરિણામ**

| | |
|---|---|
| A1-૧૦૨ | C2- ૧૦૬૨ |
| A2-૫૧૬ | D- ૭૯ |
| B1- ૧૦૮૮ | E1-૮૧૬ |
| B2- ૧૭૦૭ | E2-૬૦૦ |
| C1- ૧૮૧૪ | EQC-૬૩૬૮ |

**તાપી જિલ્લાનું કેન્દ્ર પ્રમાણેનું પરિણામ**

| કેન્દ્ર | નોંધાયેલા વિદ્યાર્થી | હાજર | પાસ | ટકાવારી | ગત વર્ષ કરતાં |
|---|---|---|---|---|---|
| વ્યારા | ૧૪૭૮ | ૧૪૭૦ | ૧૨૧૫ | ૮૨.૬૫% | +૪.૪૦% |
| સોનગઢ | ૧૧૨૬ | ૧૧૦૭ | ૯૬૩ | ૮૬.૯૯% | -૨.૭૪% |
| ઉખલદા | ૨૨૯ | ૨૨૮ | ૧૭૭ | ૭૭.૬૩% | +૫.૮૮% |
| કપુરા | ૩૨૧ | ૩૦૫ | ૨૬૫ | ૮૬.૮૯% | +૧.૬૦% |
| ઉકાઇ | ૪૦૮ | ૩૯૩ | ૩૦૨ | ૭૬.૮૪% | -૩.૧૧% |
| બુહારી | ૫૧૫ | ૫૦૭ | ૩૮૭ | ૭૬.૩૩% | -૨.૯૨% |
| બાજીપુરા | ૫૨૭ | ૫૨૫ | ૪૩૫ | ૮૨.૮૬% | +૪.૦૧% |
| ઘાટા | ૩૯૬ | ૩૭૫ | ૩૩૮ | ૯૦.૧૩% | -૦.૨૦% |
| વાલોડ | ૩૫૦ | ૩૪૪ | ૨૦૫ | ૫૯.૫૯% | -૧૨.૫૯% |
| ડોલવણ | ૪૮૭ | ૪૮૦ | ૪૩૨ | ૯૦.૦૦% | -૧.૪૦% |
| ડોલારા | ૩૦૧ | ૨૯૪ | ૨૨૧ | ૭૫.૧૭% | +૧૬.૧૯% |
| ઉચ્છલ | ૫૩૩ | ૫૨૮ | ૫૦૦ | ૯૪.૭૦% | -૦.૯૦% |
| નિઝર | ૪૩૨ | ૪૨૪ | ૩૪૨ | ૮૦.૬૬% | -૯.૫૬% |
| કુકરમુંડા | ૩૪૪ | ૩૨૪ | ૨૩૬ | ૭૨.૮૪% | -૮.૧૮% |
| ખોડદા | ૨૭૨ | ૨૬૨ | ૧૬૩ | ૬૨.૨૧% | +૧૪.૦૨% |
| મોહિની | ૧૬૮ | ૧૩૯ | ૧૨૩ | ૮૮.૪૯% | +૧૫.૦૭% |

વ્યારાઃ તાપી જિલ્લામાં ધો.૧૦માં કુલ ૭૯૭૩ વિદ્યાર્થી નોંધાયા હતા. કુલ ૬૩૬૮ વિદ્યાર્થી પાસ થયા છે. પરિણામમાં ૧૦૨ વિદ્યાર્થીએ એ-૧ ગ્રેડ અને ૫૧૬ વિદ્યાર્થીએ એ-૨ ગ્રેડ મેળવ્યો છે. આમ તાપી જિલ્લાનું પરિણામ ૮૧.૮૧ ટકા આવ્યું છે. છેલ્લાં ત્રણ વર્ષનું પરિણામ જોઈએ તો વર્ષ-૨૦૨૩માં ૫૮.૦૯ ટકા, ૨૦૨૪માં ૮૧.૩૫ ટકા અને ૨૦૨૫માં ૮૧.૮૧ ટકા નોંધાયું છે. વ્યારાનું ૭૮.૨૬ ટકા પરિણામ આવ્યું છે. જ્યારે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડનું પરિણામ ૮૩.૦૮ ટકા છે. ૧૦૦ ટકા પરિણામ મેળવનારી ૩૦ શાળા નોંધાઈ છે. જે ગત વર્ષ કરતાં ૫ શાળાની સંખ્યામાં વધારો થયો છે. ૩૦ ટકાથી ઓછું પરિણામ મેળવતી શાળાઓમાં ગત વર્ષે ૫ શાળા નોંધાઈ હતી, જેમાં આ વર્ષે ૩ શાળા નોંધાઈ છે. એટલે કે, બેનો ઘટાડો થયો છે. જ્યારે ૯૧થી ૯૯ ટકા પરિણામ મેળવનારી ૩૧ અને ૮૧થી ૯૦ ટકા પરિણામ મેળવનારી કુલ ૨૭ શાળાનો સમાવેશ થાય છે. જો કે, બે શાળાનું પરિણામ ૧૧થી ૨૦ ટકા વચ્ચે એટલે કે સૌથી ઓછું આવ્યું હતું.

# કામરેજ કેન્દ્રનું ધો.10માં 92.57 ટકા પરિણામ રામકબીર શાળામાં A1 ગ્રેડમાં 25 વિદ્યાર્થી

**વાવની** વશિષ્ઠ વિદ્યાલયનું 99.60 ટકા અને નવી પારડીની વિદ્યામંગલ શાળાનું 98.55 ટકા પરિણામ આવ્યું



મીત જોષી, પ્રાચી પટેલ

કામરેજઃ ધો.10માં કામરેજ કેન્દ્રનું 92.57 ટકા પરિણામ આવ્યું હતું. કામરેજની રામકબીર શાળા 95.06 ટકા સાથે A1 ગ્રેડમાં 25 વિદ્યાર્થી તેમજ વાવની વશિષ્ઠ વિદ્યાલય 99.60 ટકા પરિણામ સાથે A1 ગ્રેડમાં 63 વિદ્યાર્થી તેમજ વિદ્યામંગલ નિવાસી શાળાનું 98.55 ટકા પરિણામ આવ્યું હતું.

રામકબીર માધ્યમિક શાળામાં પ્રથમ ક્રમે જોષી મીત A1 ગ્રેડ સાથે 99.77 PR, બીજા ક્રમે કનોજિયા અજિત A1 ગ્રેડ સાથે 99.69 PR અને ત્રીજા ક્રમે મકવાણા કવિતા A1 ગ્રેડ સાથે 99.35 PR આવ્યાં હતાં. આથી સંસ્થાના પ્રમુખ અરવિંદભાઇ ભક્ત, માનદ મંત્રી પરેશ ભક્ત, ખજાનચી જિજ્ઞેશ ભક્ત તથા શાળાના આચાર્ય શૈલેષ દેસાઈ, મા.વિ.ના નિરીક્ષક જયંતી પટેલ, ઉ.મા.વિ.ના નિરીક્ષક કેતન દેસાઈએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

તો વાવની વશિષ્ઠ વિદ્યાલયમાં A1 ગ્રેડમાં 63 વિદ્યાર્થી આવ્યા હતા. પ્રથમ ક્રમે પટેલ પ્રાચી 99.91 PR, બીજા ક્રમે બુહા જેન્સી અને શીંગાળા ચિંતનના 99.87 PR અને ત્રીજા ક્રમે ચાર વિદ્યાર્થી આવ્યા હતા. આ ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરવા બદલ શાળાના ચેરમેન રમણીક ડાવરિયા, ડાયરેક્ટર વિજય ડાવરિયા, રવિ ડાવરિયા, આચાર્ય મેહુલ વાડદોરિયાએ અભિનંદન પાઠવ્યાં હતાં. જ્યારે નવી પારડીની વિદ્યામંગલ નિવાસી શાળાનું પરિણામ 98.55 ટકા આવ્યું હતું, જેમાં A1 ગ્રેડમાં પાંચ વિદ્યાર્થી આવ્યા હતા. પ્રથમ ક્રમે વસાવા જય આદિત્ય 98.52 PR, બીજા ક્રમે ધંધુકિયા રૂમી 98.20 PR અને ત્રીજા ક્રમે રૂપેલિયા ઈશાંતના 97.76 PR આવ્યા હતા.

## ભાટિયા મોસમ હાઈસ્કૂલનું ધો.10 અને 12નું ઉત્કૃષ્ટ પરિણામ



પ્રિયંકા માલી, પ્રતીક સુરતી, કૌશલ આચાર્ય, કાશ્મીરા રાઠોડ, સલોની રાઠોડ, જહાન્વી ટીમ્બર

પલસાણાઃ ભાટિયાની મોસમ હાઈસ્કૂલનું ધો.10 અને ધો.12 બોર્ડ પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ આવ્યું છે. ધો.10નું 93.02% પરિણામ આવ્યું છે, જેમાં 40 વિદ્યાર્થી સફળતાપૂર્વક ઉત્તીર્ણ થયા છે. ધો.12માં પણ 91.67% પરિણામમાં 22 વિદ્યાર્થીએ પરીક્ષા પાસ કરી છે. આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ શાળાના પ્રમુખ મોહનભાઈ આર. પટેલ, મંત્રી દીપકકુમાર બી. પટેલ, આચાર્ય કિશોરકુમાર કે. પ્રજાપતિ, શાળાના સ્ટાફ મિત્રો અને ટ્રસ્ટી મંડળના તમામ હોદ્દેદારોએ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

## વેલાછા હાઈસ્કૂલનું ધો.૧૦નું ૮૨.૩૫ ટકા પરિણામ આવ્યું

હથોડાઃ ધો.૧૦ના પરિણામમાં વેલાછા વિભાગ મંડળ કેળવણી મંડળ સંચાલિત જય શંકરદાદા હાઈસ્કૂલનું પરિણામ ૮૨.૩૫ % આવ્યું છે. આ પરીક્ષામાં ૮૪ વિદ્યાર્થી સફળ થયા છે. શાળા કક્ષાએ પ્રથમ નિહાર પટેલ ૮૭.૧૬% A2 ગ્રેડ, દ્વિતીય ક્રમે અક્ષરા ભરથાણીયા ૮૫.૩૩% A2 ગ્રેડ અને તૃતીય ક્રમે પ્રાર્થના પટેલે ૮૫% A2 ગ્રેડ મેળવ્યો છે. તમામ વિદ્યાર્થીઓને વેલાછા વિભાગ કેળવણીમંડળના ટ્રસ્ટીઓ મહેન્દ્રસિંહ જી. વશી, અશ્વિનસિંહ ઠાકોર, વિમલકુમાર એફ.જૈન, રાજેન્દ્રસિંહ એન.ચૌહાણ, સભ્યો, આચાર્ય જિજ્ઞાસાબેન વાંસદિયાએ અભિનંદન પાઠવ્યાં હતાં.

## પલસાણાની ડી.બી.હાઈસ્કૂલનું પરિણામ 77.28 ટકા

પલસાણા: પલસાણાની મહાદેવ દેસાઈ શિક્ષણ સમાજ સંચાલિત ડી.બી. હાઈસ્કૂલનું ધો.10નું પરિણામ 77.28 ટકા આવ્યું હતું. પરીક્ષામાં 119 વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા છે, જેમાંથી બે વિદ્યાર્થી A1 ગ્રેડ, 12 વિદ્યાર્થીએ A2 ગ્રેડ પ્રાપ્ત કર્યો હતો. શાળામાં પ્રથમ ક્રમે મૈત્રી ટીમ્મર અને દ્વિતીય ક્રમે રુદ્ર ચૌહાણ, તેમજ તૃતીય ક્રમે મોક્ષ નીતિનભાઈ ઉત્તીર્ણ થયા હતા. પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર તમામ વિદ્યાર્થીઓને શાળા સંચાલકમંડળ, શાળાના આચાર્ય અને સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યાં હતાં.

## જંબુસરની નવયુગ વિદ્યાલયનું ગૌરવ



ભરૂચ: જંબુસરની નવયુગ વિદ્યાલયનું ધો.10નું પરિણામ 95.08 ટકા આવ્યું છે, જેમાં 61માંથી 58 વિદ્યાર્થીઓ પાસ થયા છે. ઉલ્લેખનીય બાબત એ છે કે, તેમાં દીકરીઓનું 100 ટકા પરિણામ છે. શાળામાં પ્રથમ ક્રમે રાઠોડ રિતેશકુમાર ઈશ્વરભાઈ 92.16 ટકા A1 ગ્રેડ, બીજા ક્રમે ચૌહાણ હર્ષદભાઈએ 91.66 ટકા A1 ગ્રેડ અને ત્રીજા ક્રમે ઠાકોર કરુણાબેને 87.05 ટકા સાથે A2 ગ્રેડ મેળવ્યો છે.

# ભરૂચ જિલ્લામાં ધો.10નું 83.58 ટકા પરિણામ, 493 વિદ્યાર્થીએ A1 ગ્રેડ મેળવ્યો

**70** શાળાનું 100 ટકા પરિણામ, 4 શાળાનું પરિણામ 30 ટકાથી નીચું આવ્યું

ભરૂચઃ ભરૂચ જિલ્લામાં 18,401 વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. જિલ્લાનું કુલ પરિણામ 83.58 ટકા નોંધાયું છે.

વિદ્યાર્થીઓના પરિણામ પર નજર કરીએ તો 493 વિદ્યાર્થીએ A1 ગ્રેડ મેળવ્યો છે. 1,733 વિદ્યાર્થીએ A2 ગ્રેડ, 2,961 વિદ્યાર્થીએ B1 ગ્રેડ અને 3,837 વિદ્યાર્થીએ B2 ગ્રેડ મેળવ્યો છે. C1 ગ્રેડમાં 3,895, C2 ગ્રેડમાં 2,238 અને D ગ્રેડમાં 223 વિદ્યાર્થી પાસ થયા છે. E1માં 1,746 અને E2માં 1,275 વિદ્યાર્થી પાસ થયા છે. 3,021 વિદ્યાર્થી નાપાસ થયા છે. જિલ્લાની 70 શાળાએ 100 ટકા પરિણામ મેળવ્યું છે. પરીક્ષા કેન્દ્રોમાં સૌથી વધુ જાગેશ્વર કેન્દ્રમાં 98.45 ટકા પરિણામ મેળવ્યું છે. આમોદ કેન્દ્રનું પરિણામ 55.68 ટકા સાથે સૌથી નીચું રહ્યું છે. જ્યારે જિલ્લામાં 4 શાળાનું પરિણામ 30 ટકાથી નીચું આવ્યું છે.

## નર્મદા જિલ્લામાં ધો.૧૦નું 88.40 ટકા પરિણામ: 30 શાળાના તમામ વિદ્યાર્થી પાસ

રાજપીપળાઃ નર્મદા જિલ્લાનું એસએસસીનું પરિણામ ૮૮.૪૦ ટકા આવ્યું છે. નર્મદા જિલ્લામાં ૩૦ શાળાનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું હતું. કુલ ૫૭૭૦ વિદ્યાર્થી પાસ થયા છે. જ્યારે ૭૫૭ વિદ્યાર્થી નાપાસ થયા છે. જિલ્લાનું ગ્રેડ આધારિત પરિણામ જોઈએ તો જિલ્લામાં કુલ ૬૫૬૭ વિદ્યાર્થી નોંધાયા છે, જેમાં કુલ ૧૦૩ને એ-૧ ગ્રેડ, ૫૦૭ને એ-૨ ગ્રેડ, ૧૧૭૪ને બી-૧ ગ્રેડ, ૧૫૭૬ને બી-૨ ગ્રેડ, ૧૫૭૬ને સી-૧ ગ્રેડ, ૧૬૩૨ને સી-૨ ગ્રેડ મેળવ્યો છે.

# અંકલેશ્વર કેન્દ્રમાં ધો.10નું 81.68 ટકા પરિણામ, આ વર્ષે 0.8 ટકા ઘટાડો

અંકલેશ્વરઃ ધો.10માં અંકલેશ્વર કેન્દ્રના 4 વિભાગનું સરેરાશ પરિણામ 81.68 ટકા જાહેર થયું હતું. જે ગત વર્ષના 0.8 ટકા ઓછું હતું. અંકલેશ્વર તાલુકાના ચાર વિભાગમાં 3207 પરીક્ષાર્થી ઉત્તીર્ણ થયા હતા. આમ ટકાવારીની દૃષ્ટિએ અંકલેશ્વર શહેર તાલુકા તેમજ જીઆઈડીસીનાં કેન્દ્રોનું કુલ પરિણામ 81.68 ટકા રહ્યું હતું. પરિણામની વિગતવાર જોઈએ તો અંકલેશ્વર શહેરી વિસ્તારમાં કુલ 841 પૈકી 669 પરીક્ષાર્થી ઉત્તીર્ણ થતાં 79.55 ટકા પરિણામ જાહેર થયું છે. જે ગત વર્ષમાં 83.28 ટકા હતું. અંકલેશ્વર જીઆઈડીસીમાં 1252 પરીક્ષાર્થી ઉત્તીર્ણ થતાં 92.74 ટકા પરિણામ જાહેર થયું હતું. અંકલેશ્વર તાલુકા વિસ્તારમાં 1286 પરીક્ષાર્થી ઉત્તીર્ણ થતાં સરેરાશ 77.22 ટકા પરિણામ જાહેર થયું હતું.


Milano MULTIPLEX
બારડોલી
Jai Mata Ji-Lat's Rock - Gujarati
01:00pm, 04:00pm, 07:00pm, 09:30pm
Raid 2
10:00am, 12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm
Hit The Third Case : 05:30pm
Thunderbolts*
11:00am, 02:00pm, 10:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333


## જાહેર નોટીસ

ગુજરાત રાજ્યના સુરત ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ ઓલપાડના મોજે ગામ : **કંથરાજ** ના **ખાતા નંબરઃ ૧ ના બ્લોક/સર્વે નં. ૧૪૬ કુલ જમીન ક્ષેત્રફળ ૦-૮૯-૦૩ હે.આરે.ચો.મી.** થી નોંધાયેલી ખેતીની જુની શરતની જમીન **બળવંતસિંહ ઉર્ફે બહાદુરસિંહ ભપતસિંહ** ના નામે માલિકી કબજા ભોગવટે ચાલી આવેલ છે. જે અમારા અસીલે વેચાણ લેવાનું નક્કી કરેલ છે અને તમામ બોજા રહીત વેચાણ લેવા પુર્ણ સમંતિ રહેલ છે. આથી લાગતા-વળગતા તમામને જણાવવાનું કે, ઉપરોક્ત જણાવેલ વર્ણન અને વિગતવાળી મિલકત ઉપરોક્ત જમીન માલિકે મારા અસીલને તમામ બોજારહીત વેચાણ આપવા નક્કી કરેલ છે. સદરહું જમીનમાં જણાવેલ માલિકો સિવાય અન્ય કોઈ ના કોઈપણ પ્રકારના હકક, હીત, લાગભાગ, દરદાવો, હીસ્સો, ખોરાકી-પોષાકી ગીરો, લોન વિગેરે હોય યા વપરાશના હકકો કે ઈઝમેન્ટ સ્વરૂપના હકકો યા કોઈ બેંક કે નાણાંકીય સંસ્થાનો બોજો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં પુરાવા સહીત લેખિતમાં જાણ કરવી. મુદત પત્યે કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં અને તેમણે પોતાના તમામ હકકો, હિસ્સો, દરદાવો જતો કર્યો છે, તેમ માની મારા અસીલ સદરહું વ્યવહાર પૂર્ણ કરી પાકો દસ્તાવેજ કરાવી લેશે તેમજ ઉપરોક્ત મિલકતનું ટાઈટલ આપી દેવામાં આવશે. પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર કાયદામાં ગ્રાહ્ય ગણાશે નહીં, તેમજ રદ ગણાશે જેની છેવટની નોંધ લેવી.

તા. ૦૮-૦૫-૨૦૨૫

**વિરલ વાય. દેસાઈ** (એડવોકેટ)

રહે. ૩૫૦, અનાવિલ સ્ટ્રીટ, સિસોદ્રા (ગણેશ), તા. જી. નવસારી - ૩૯૬૪૬૩. મો.: ૯૪૨૭૩ ૫૦૨૯૩